## (૧) મુખપાઠ સ્પર્ધા

### સોમવાર, તા. ૧૪ ડિસેમ્બર ૨૦૦૯ (સવારે ૮.૦૦ થી ૧૧.૦૦)

**ગુજરાતી મુખપાઠ સ્પર્ધા** વિભાગ-૧ ધો. ૧/૨ વિભાગ-૨ ધો. ૩/૪ વિભાગ-૩ ધો. ૫/૬/૭ વિભાગ-૪ ધો. ૮/૯/૧૦

### સોમવાર, તા. ૧૪ ડિસેમ્બર ૨૦૦૯ (બપોરે ૩.૦૦ થી ૫.૦૦)

**સંસ્કૃત મુખપાઠ સ્પર્ધા** વિભાગ-૧ ધો. ૧/૨ વિભાગ-૨ ધો. ૩/૪ વિભાગ-૩ ધો. ૫/૬/૭ વિભાગ-૪ ધો. ૮/૯/૧૦

### મંગળવાર, તા. ૧૫ ડિસેમ્બર ૨૦૦૯ (સવારે ૮.૦૦ થી ૧૧.૦૦)

**અંગ્રેજી મુખપાઠ સ્પર્ધા** વિભાગ-૧ ધો. ૧/૨ વિભાગ-૨ ધો. ૩/૪ વિભાગ-૩ ધો. ૫/૬/૭ વિભાગ-૪ ધો. ૮/૯/૧૦

### મંગળવાર, તા. ૧૫ ડિસેમ્બર ૨૦૦૯ (બપોરે ૩.૦૦ થી ૫.૦૦)

**હિન્દી મુખપાઠ સ્પર્ધા** વિભાગ-૧ ધો. ૧/૨ વિભાગ-૨ ધો. ૩/૪ વિભાગ-૩ ધો. ૫/૬/૭ વિભાગ-૪ ધો. ૮/૯/૧૦

**-: મુખપાઠ સ્પર્ધાના નિયમો :-**

■ **દરેકે ભાષાવાર અને વિભાગવાર અલગ અલગ ત્રણ સ્પર્ધકો નામની યાદી આ સાથે આપેલ એન્ટ્રી ફોર્મમાં આપવાની રહેશે.**

■ કોઈપણ સ્પર્ધક **માત્ર એક જ ભાષાની** મુખપાઠ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

| | | | | |
|---|---|---|---|---|
| **ધો. ૫/૬/૭** | સફળતાનાં સોપાનો | Way to Success | स्वामी विवेकानंद की वाणी | ગુજરાતી, અંગ્રેજી, હિન્દી મુખપાઠ માટેના પુસ્તકો |
| **ધો. ૮/૯/૧૦** | ઊઠો જાગો | Arise ! Awake ! | स्वामी विवेकानंद की वाणी | |

■ ઉપર્યુક્ત મુખપાઠ માટેના જે તે પુસ્તકો આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાંથી ખરીદી લેવાના રહેશે.

■ **બધા ફકરાઓ સાથે આપેલ છે** જેના ઉપયોગ માટે તમે ઝેરોક્ષ કરાવી શકો છો.

■ વિદ્યાર્થીએ **બે** મિનિટ સુધી જ બોલવાનું રહેશે.

■ સ્પર્ધા વખતે ધો. ૫/૬/૭/૮/૯/૧૦ ના વિદ્યાર્થીઓએ પુસ્તકના પાના નંબર નિર્ણાયકને કહેવાના રહેશે.

## (૨) વક્તૃત્વ સ્પર્ધા

### બુધવાર, તા. ૧૬ ડિસેમ્બર ૨૦૦૯ (સવારે ૮.૦૦ થી ૧૨.૦૦)

વિભાગ-૧ ધો. ૫/૬/૭ માટે વિષય નીચે મુજબ રહેશે :
- સર્વની મા - શ્રીસારદા દેવી (સંદર્ભ ગ્રંથ - શ્રીમા સારદા દેવી સંક્ષિપ્ત જીવન)
- સ્વામી વિવેકાનંદના પ્રેરણાદાયી જીવન પ્રસંગો (સંદર્ભ ગ્રંથ - સહુના સ્વામી વિવેકાનંદ)

વિભાગ-૨ ધો. ૮/૯/૧૦ માટે વિષય નીચે મુજબ રહેશે :
- શ્રી રામકૃષ્ણદેવની વૈશ્વિક ધર્મભાવના (સંદર્ભ ગ્રંથ - શ્રીરામકૃષ્ણ દેવ - જીવન અને સંદેશ)
- ધ્યાન-એકાગ્રતા અને સ્વામી વિવેકાનંદ (સંદર્ભ ગ્રંથ - ધ્યાન અને તેની પદ્ધતિ)

વિભાગ-૩ ધો.૧૧/૧૨, પી.ટી.સી. અને કૉલેજ કક્ષા (સ્નાતક કક્ષા સુધી) માટે વિષયો નીચે મુજબ રહેશે :
- જનસમૂહના ફરિસ્તા સ્વામી વિવેકાનંદ (સંદર્ભ ગ્રંથ - જનજાગરણ)
- ભારતીય યુવાસમાજ અને સ્વામી વિવેકાનંદ (સંદર્ભ ગ્રંથ - કરીએ પુનઃ નિર્માણ ભારતનું)

**-: વક્તૃત્વ સ્પર્ધા અંગેના નિયમો :-**

■ વિભાગવાર વધુમાં વધુ સંસ્થા દીઠ બે સ્પર્ધકો ભાગ લઈ શકશે.

■ સ્પર્ધક પોતાનું વક્તવ્ય ગુજરાતી/હિન્દી/અંગ્રેજીમાં આપી શકશે.

■ દરેક સ્પર્ધકને પોતાના વક્તવ્ય માટે વધુમાં વધુ **પાંચ** મિનિટ અપાશે.

■ **વિભાગવાર બે સ્પર્ધકોના નામની યાદી સાથે આપેલ એન્ટ્રી ફોર્મમાં આપવાની રહેશે.**

■ સંદર્ભ ગ્રંથ આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાંથી ખરીદી લેવાના રહેશે.

## (૩) નાટ્ય સ્પર્ધા

### ગુરૂવાર, તા. ૧૭ ડિસેમ્બર ૨૦૦૯ (સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ અને બપોરે : ૩ થી ૬)
### (ધોરણ : ૭ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે)

■ સંસ્થા/શાળા એક જ નાટ્યકૃતિ રજૂ કરી શકશે.

■ નીચેની કોઈપણ વિષયવસ્તુ પર આધારિત કૃતિ હોવી જોઈએ.

- રામકૃષ્ણ પરમહંસ, શ્રીમા શારદાદેવી, સ્વામી વિવેકાનંદ તથા કોઈ પણ સંત-અવતારોના જીવન પ્રસંગો

**-: નાટ્ય સ્પર્ધાના નિયમો :-**

■ કોઈપણ ભાષામાં નાટક ભજવી શકાશે. ■ ભાગ લેનાર કલાકારોની સંખ્યા મહ ામ ૧૨ ની હોવી જોઈએ. ■ નાટકનો સમયગાળો ૧૨ થી ૧૮ મિનિટનો હોવો જોઈએ. વધારે કે ઓછો સમય અવમૂલ્યનને પાત્ર રહેશે. ■ મૂલ્યાંકન વિષયવસ્તુ, અભિનય, વાક્છટા, વેશભૂષા તથા સામાન્ય પ્રભાવકતા ઉપર આધારિત રહેશે. ■ વધુમાં વધુ ૮ માઈક્રોફોન આપવામાં આવશે. ■ બે નાટકો વચ્ચે તૈયારીનો સમય પાંચ મિનિટનો આપવામાં આવશે. ■ **નાટ્ય સ્પર્ધાની સ્ક્રિપ્ટ રજિસ્ટ્રેશન સમયે રજૂ કરવાની રહેશે. સ્ક્રિપ્ટ સાથે પાત્રવરણીની યાદી પણ આપવાની રહેશે.** ■ પારિતોષિક જે તે સંસ્થાને આપવામાં આવશે. ■ નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે.

## (૪) દેશભક્તિગીત - સમૂહગાન સ્પર્ધા

### શુક્રવાર, તા. ૧૮ ડિસેમ્બર ૨૦૦૯ (સમય : સવારે ૮ થી ૧૨ અને બપોરે ૩ થી ૬)
### (વિભાગ - ૧ : ધો. ૫ થી ૭ ના વિદ્યાર્થીઓ માટે)

### શનિવાર, તા. ૧૯ ડિસેમ્બર ૨૦૦૯ (સમય : સવારે ૮ થી ૧૨ અને બપોરે ૩ થી ૬)
### (વિભાગ - ૨ : ધો. ૮ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે)

વિભાગવાર દરેક સંસ્થાદીઠ એક સમૂહગાન રજૂ કરી શકાશે.

**-: દેશભક્તિ ગીત સ્પર્ધા માટેના નિયમો :-**

■ સ્વદેશભક્તિ પર આધારિત ગીત રજૂ કરી શકાશે.

■ કોઈપણ ભાષામાં ગીત રજૂ કરી શકાશે.

■ ગીતની રજૂઆત સમૂહગાનરૂપે જ કરવાની રહેશે.

■ ગીતની સમય મર્યાદા ૫ થી ૭ મિનિટની રહેશે. વધારે કે ઓછો સમય અવમૂલ્યનને પાત્ર રહેશે.

■ મૂલ્યાંકન લયબદ્ધતા, સૂરીલાપણું, સ્વરબદ્ધતા, સંવાદિતા, અને સામાન્ય પ્રભાવ પર આધારિત રહેશે.

■ જે તે વિભાગમાં વધુમાં વધુ ૨૫ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

■ વધુમાં વધુ ૮ માઈક્રોફોન આપવામાં આવશે.

■ વાદ્યસામગ્રી પોતાની સંસ્થામાંથી સ્કૂલેથી જ લાવવાની રહેશે.

■ શાળા-કૉલેજના લેટરપેડ પર સમૂહગાન સ્પર્ધા માટેની વિગત એક નકલમાં આશ્રમના કાર્યાલયમાં પહોંચાડવાની રહેશે.

■ **રજૂ થનાર દેશભક્તિગીતની સ્ક્રિપ્ટ નામનોંધણી વખતે આપવાનું રહેશે.**

■ નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે.

**-: વિશેષ નોંધ :-**

■ **ફક્ત વિદ્યાર્થીઓ જ ભાગ લઇ શકશે.**

## (૫) શીઘ્ર ચિત્ર સ્પર્ધા

રવિવાર, તા. ૨૦ ડિસેમ્બર ૨૦૦૯ (સવારે ૯.૩૦ થી ૧૧.૦૦)

**-: આ સ્પર્ધામાં નીચે મુજબ પાંચ વિભાગો રહેશે :-**

**વિભાગ-૧** - ધો.૧/૨, **વિભાગ-૨** - ધો.૩/૪, **વિભાગ-૩** - ધો. ૫/૬/૭,
**વિભાગ-૪** - ધો.૮/૯/૧૦, **વિભાગ-૫** - ધો.૧૧/૧૨, પી.ટી.સી. અને કૉલેજ (સ્નાતક કક્ષા સુધી).

**-: શીઘ્ર ચિત્ર સ્પર્ધાના નિયમો :-**

■ ધોરણ ૧/૨ તથા ૩/૪ ના વિદ્યાર્થીઓ પ્રાકૃતિક ચિત્રો દોરી શકશે. ■ શ્રી રામકૃષ્ણદેવ, શ્રીમા શારદા દેવી અને સ્વામી વિવેકાનંદના જીવન-પ્રસંગ ■ '૨૧મી સદીનું ભારત' પર એક ચિત્ર દોરી શકાશે. ■ ચિત્ર દોરવા માટે પોતાની સાધન સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે. ■ ડ્રોઈંગ પેપર (સાઈઝ : ૧૪ X ૧૦ ઈંચ) આશ્રમમાંથી આપવામાં આવશે. ■ વિભાગવાર સંસ્થા દીઠ વધુમાં વધુ **ત્રણ સ્પર્ધકો** ભાગ લઈ શકશે. ■ **વિભાગવાર ત્રણ સ્પર્ધકોના નામની યાદી આ સાથે આપેલ એન્ટ્રી ફોર્મમાં આપવાની રહેશે.**

## (૬) વિશ્વનાં સંતો- પયગંબરો અને દેવ-દેવીઓની વેશભૂષા સ્પર્ધા

**મંગળવાર, તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૦ (સમય : સવારે ૬.૪૫)**

**વિભાગ-૧** - ધો.૧/૨ **વિભાગ-૨** - ધો.૩/૪
**વિભાગ-૩** - ધો. ૫/૬ **વિભાગ-૪** - ધો.૭/૮

**-: સ્પર્ધાના નિયમો :-**

■ રજૂઆત માટે વધુમાં વધુ એક મિનિટ અપાશે. ■ એકાદ બે પ્રેરક વાક્ય કે પંક્તિ અભિનય સાથે રજૂ કરી શકાશે.
■ વિભાગવાર દરેક સંસ્થાદીઠ એક-એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
■ સ્પર્ધકોનાં નામની યાદી આ સાથે આપેલ એન્ટ્રી ફોર્મમાં આપવાની રહેશે. (નામ-વેશભૂષાનો વિષય જણાવવાનાં રહેશે)
**■ ઇનામ વિતરણ મંગળવાર, ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૦ ના રોજ આશ્રમમાં સવારે ૧૦.૦૦ કલાકે સન્માનનીય વ્યક્તિના વરદ્હસ્તે કરવામાં આવશે.**

### -: વિશેષ સૂચના :-

- **સ્પર્ધકોનાં નામની યાદી આ પરિપત્ર સાથે આપેલ એન્ટ્રી ફોર્મમાં આપવાની રહેશે.**
- શાળા-કોલેજના લેટરપેડ પર એપ્લિકેશન પત્ર સંસ્થાના વડાનાં સહી-સિક્કા સાથે **બુધવાર તા. ૨૫ નવેમ્બર, ૨૦૦૯ થી શુક્રવાર, ૨૭ નવેમ્બર ૨૦૦૯** સુધી શ્રીરામકૃષ્ણ આશ્રમના સ્પર્ધા કાર્યાલયમાં સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન અચૂક પહોંચાડી દેવાની રહેશે. શાળાનું પૂરું સરનામું તથા ફોન નં. / મોબાઇલ નં. આપવા નમ્ર વિનંતી.
- **શુક્રવાર, ૨૭ નવેમ્બર ૨૦૦૯** પછી સ્પર્ધકોનાં નામની યાદી સ્વીકારવામાં આવશે નહીં.
- વિદ્યાર્થીએ જે તે દિવસે સ્પર્ધાના સમયની ૩૦ મિનિટ પહેલા આશ્રમના પરિસરમાં હાજર રહેવું.
- **ઇનામ વિતરણ રવિવાર, ૨૭ ડિસેમ્બરના રોજ આશ્રમના વિવેક હૉલમાં સાંજે ૪.૩૦ કલાકે સન્માનનીય વ્યક્તિના વરદ્હસ્તે કરવામાં આવશે. સાંજે ૪.૧૫ વાગ્યા પહેલા વિદ્યાર્થીઓએ આવી જવાનું રહેશે.**

### -: પુરસ્કાર માટેની સૂચના :-

- સ્પર્ધા પૂર્ણ થયા પછી સ્પર્ધા સ્થળે જ નિર્ણાયકો દ્વારા સ્પર્ધાનું પરિણામ જાહેર થશે.
- મુખપાઠ અને વક્તૃત્વ સ્પર્ધાના દ્વિતીય, તૃતીય અને પ્રોત્સાહન વિજેતાઓને સર્ટિફિકેટ અને ક્રેડીટ નોટ આશ્રમના સ્પર્ધા કાર્યાલયમાં મંગળવાર તા. ૨૨ ડિસેમ્બર ૨૦૦૯ થી ગુરુવાર તા. ૨૪ ડિસેમ્બર ૨૦૦૯ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન મેળવી લેવાના રહેશે. પ્રતિનિધિએ આવવું જરૂરી છે.
- પુરસ્કાર ક્રેડિટ નોટ પુસ્તક વેચાણ વિભાગમાં ૧૦ જાન્યુઆરી સુધી માન્ય રહેશે.
- પરિણામ આશ્રમની વેબસાઇટમાં પણ આપવામાં આવશે.
- નિમ્નલિખિત સ્પર્ધાઓના વિજેતાઓને રવિવાર, ૨૭ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ પુરસ્કાર વિતરણ ઉત્સવમાં પુરસ્કાર આપવામાં આવશે.
- મુખપાઠ અને વક્તૃત્વ સ્પર્ધાના **પ્રથમ** વિજેતાને સર્ટિફિકેટ અને ક્રેડિટ નોટ અર્પણ કરવામાં આવશે.
- નાટ્ય સ્પર્ધા અને દેશભક્તિગીત - સમૂહગાન સ્પર્ધાની વિજેતા શાળાઓને **શિલ્ડ** અર્પણ કરવામાં આવશે.
- શીઘ્ર ચિત્ર સ્પર્ધાના વિભાગવાર સર્વશ્રેષ્ઠ પાંચ વિજેતાઓને સર્ટિફિકેટ અને ક્રેડીટ નોટ અર્પણ કરવામાં આવશે.